# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

# અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સિઝ અંતર્ગત

# સંસ્કૃત ભાષા માટેનો ડિપ્લોમા અભ્યાસક્રમ (DSL)

## (Diploma in Sanskrit Language)

(યુજીસી મોડેલ અભ્યાસક્રમ અને મુક્ત અને નિરંતર શિક્ષણ માટેની માર્ગદર્શિકા મુજબ)

# Programme Guide

**Dr. Babasaheb Ambedkar Open University,**
**'Jyotirmay' Parisar,**
**Dr. BAOU Marg, S. G. Highway, Chharodi**
**Ahmedabad - 382481, Gujarat**

પરિચય:

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો હેતુ માનવવિદ્યા અને સામાજિક વિજ્ઞાનના વિવિધ વિષયોમાં જ્ઞાન અને સમજણ આપીને સમાજની સેવા અને ઉત્થાન કરવાનો છે. સંસ્કૃત ભાષા માટેનો ડિપ્લોમા અભ્યાસક્રમ (DSL) એ ડિપ્લોમા કક્ષાનો અભ્યાસક્રમ છે, જે સંસ્કૃત ભાષા અને સાહિત્યના સમકાલીન મહત્ત્વને દર્શાવે છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના જ્ઞાનના ખજાના અને તેની વિશ્વવ્યાપી સુસંગતતા વિશે જાગૃત કરે છે. આ અભ્યાસક્રમના અધ્યયન દ્વારા વિદ્યાર્થીઓને વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનના સંદર્ભમાં સજ્જતા પ્રાપ્ત થાય છે.

ઉદ્દેશ:

- વિદ્યાર્થીઓ માનવવિદ્યાના મુખ્ય વિષય-વસ્તુ અને વિષયોનો પરિચય મેળવશે.
- વિદ્યાર્થીઓ તેમના વિશ્વને સમજવા અને વિશ્લેષણ કરવા માટે જરૂરી માહિતી અને કુશળતા પ્રાપ્ત કરશે.
- એસાઇન્મેંટ્સ અને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા વાંચન અને લેખનમાં કુશળતા પ્રાપ્ત કરશે.
- વિદ્યાર્થીને વિવિધ વિષયોના આંતર-સંબંધ(interdisciplinary) અધ્યયન વિશે જાગૃત બનશે.
- કારકિર્દી પસંદ કરવા બાબતે જાગૃત બનશે.

અભ્યાસક્રમનું માળખું:

| પ્રશ્નપત્ર ક્ર. | અભ્યાસક્રમના પ્રકારો | વિષય અને કોડ | ક્રેડિટ |
|---|---|---|---|
| 1. | સંસ્કૃત ભાષા : સ્વરૂપ અને પરિચય | DSL- 01 | 4 |
| 2. | પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો પરિચય | DSL- 02 | 4 |
| 3. | દર્શનસાહિત્ય, ધર્મશાસ્ત્ર અને વ્યાવહારિક વ્યાકરણ | DSL- 03 | 4 |
| 4. | સંસ્કૃત કાવ્ય વિવેચન અને સૌંદર્ય શાસ્ત્ર | DSL- 04 | 4 |
| કુલ ક્રેડિટ | | | 16 |

કાર્યક્રમની રૂપરેખા:

- પ્રોગ્રામ કોડ: સંસ્કૃત ભાષા માટેનો ડિપ્લોમા અભ્યાસક્રમ (DSL)
- પ્રોગ્રામના દરેક કોર્સમાં અલગ કોડ છે અને તે કોર્સ/સેમાં ફેરફાર સાથે બદલાશે.
- કાર્યક્રમની અવધિ: 1 વર્ષ (મહત્તમ 4 વર્ષ)
- પ્રવેશ લાયકાત: પ્રવેશ માટે 10+2 પાસ અથવા સમકક્ષ અરજી કરી શકે છે
- વિષયના દરેક કોર પેપરમાં 4 ક્રેડિટ્સ છે. આમ, સંસ્કૃત ભાષા માટેનો ડિપ્લોમા અભ્યાસક્રમ (DSL) નું પ્રમાણપત્ર મેળવવા માટે વિદ્યાર્થીઓએ કુલ 16 ક્રેડિટ મેળવવાની જરૂર છે.

અભ્યાસક્રમની ફી:

| પુરુષ | મહિલા |
|---|---|
| Rs. 2200/- | Rs. 1600/- |

વિદ્યાર્થીનું પ્રગતિ-મૂલ્યાંકન:

- એસાઇન્મેંટ (સતત મૂલ્યાંકન પદ્ધતિ હેઠળ)
- ટર્મ એન્ડ પરીક્ષાઓ દર વર્ષે જાન્યુઆરી/ ફેબ્રુઆરી અને જુન/ જુલાઈમાં યોજાય છે.
- વિદ્યાર્થીઓએ લઘુત્તમ પાસિંગ માપદંડ 36%સાથે બંને એસાઇન્મેંટ્સ તેમજ ટર્મ એન્ડ પરીક્ષાઓમાં પાસ થવું પડશે.

વિદ્યાર્થી સહાય અને અભ્યાસ માર્ગદર્શન:

- વિદ્યાર્થીઓને પ્રિન્ટ સ્વરૂપે તેમજ યુનિવર્સિટીની વેબસાઇટ પરથી સુલભ સોફ્ટ કોપીમાં સ્વ -શિક્ષણ સામગ્રી મળે છે.
- વિદ્યાર્થી સહાય કેન્દ્રો પર પરામર્શન સત્રો: એ શીખનારાઓ માટે સમર્થન અને માર્ગદર્શન મેળવવાની અન્ય રીતો છે.
- સંબંધિત વિભાગો અને વિષય ફેકલ્ટીઓના ઇમેઇલ્સ
- યુનિવર્સિટી વેબસાઇટ: www.baou.edu.in

- ગુજરાત સરકારની શૈક્ષણિક ચેનલ નં. 16 "વંદે ગુજરાત"
- સ્વાધ્યાય ઇન્ટરનેટ રેડિયો
- સ્વાધ્યાય ઇન્ટરનેટ/ વેબસાઇટ આધારિત પ્રવચનોનું ટેલિકાસ્ટ
- વર્ચ્યુઅલ ક્લાસરૂમ

અન્ય ઇ-સેવાઓ

- ઓનલાઇન પ્રવેશ
- કેશલેસ ફી ચુકવણી
- શૈક્ષણિક મોબાઇલ ફોન એપ્લિકેશન

કાર્યક્રમની ફળશ્રુતિ:

આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીઓ

- સંસ્કૃત ભાષાને સમજી શકશે.
- સંસ્કૃત ગદ્ય અને પદ્યના અર્થો સમજી શકશે.
- વાતચીત સમયે યથાર્થ વાક્યરચના, યોગ્ય કાળ અને વિભક્તિનો ઉપયોગ કરી શકશે.
- સંસ્કૃત સાહિત્યમાં રચાયેલ ગ્રંથો વાંચી અને સમજી શકશે.
- યોગ્ય કારકિર્દી પસંદ કરી શકશે.

***